# આપણી વાત

## ■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

- ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર-અંતર્ગત શ્રી રમણ સોની-સંપાદિત 'અવલોકન-વિશ્વ' ગ્રંથ વિશે તા. ૨૨-૮-૨૦૧૭ના રોજ સાંજે ૪-૦૦ કલાકે, ગોવર્ધનસ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં પરિચયનું આયોજન કરવામાં આવ્યું હતું.
  કાર્યક્રમના પ્રારંભે પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે ગ્રંથ-પરિચયની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી રમણ સોનીએ સંપાદકીય કેફિયત આપી હતી જેમાં તેમણે સંપાદન અને એડિટિંગ તેમજ આ પુસ્તકમાં સમાવેશ કરેલાં ૮૯ જેટલાં સાંપ્રત પુસ્તકોની વિગતે ચર્ચા કરી હતી. તેમજ નવા લેખકો અને સર્જકોની કૃતિઓ અને પ્રકારોની ચર્ચા પણ આવરી લીધી હતી. શ્રી રઘુવીર ચૌધરીએ અભિભાષણ આપ્યું હતું જેમાં તેમણે દેશની વિવિધ ભાષાઓમાં રચાતા સાહિત્ય અંગે તેમજ આ ગ્રંથમાંથી છેલ્લા દાયકામાં લખાયેલી વૈશ્વિક અને વિશિષ્ટ નવલકથાઓનાં અવલોકનની તેમજ નવલકથાઓની ચર્ચા કરી હતી. શ્રી સંજય ભાવેએ 'અવલોકન-વિશ્વ' વિશે વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે સાંપ્રત સાહિત્યની કૃતિઓનાં વિવેચન-અવલોકનને સમાવી લેનારા આ પુસ્તકને ઉદ્દેશીને કહ્યું હતું કે આ પુસ્તકમાંથી પસાર થતાં તાજગીનો અનુભવ થાય છે. સાહિત્ય તેમજ ઇતર વિષયોનાં પુસ્તકોની સમીક્ષાની ચર્ચા કરીને તેમણે પુસ્તકના વિશેષો તારવી આપ્યા હતા. શ્રી પ્રકાશ ન. શાહે 'અવલોકન-વિશ્વ' વિશે વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે પુસ્તકોનાં અવલોકનો કેવાં સંવેદનસભર થયાં છે તેની વિશદ ચર્ચા કરી હતી. પરિષદના પ્રમુખશ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે ગુજરાતી સાહિત્યમાં અવલોકન એ આપણું લૂલું અંગ છે. પણ રમણભાઈએ 'અવલોકન-વિશ્વ' પુસ્તક આપીને તેને મજબૂત બનાવ્યું છે. આપણે ટેક્સની સાથે કન્ટેક્સને જોડતા આવ્યા છીએ પણ આપણને આ પુસ્તકમાં બાયફોકલ ટેકુનિક જોવા મળે છે. આ પરિચયનું સંચાલન ક. લા. સ્વાધ્યાય મંદિરનાં નિયામક શ્રી પારુલ કંદર્પ દેસાઈએ કર્યું હતું. સમગ્ર પરિચય દરમિયાન ભાવકોમાં આ પુસ્તકના અવલોકન-લેખોની ચર્ચાએ મૂળ કૃતિ વાંચવાની જિજ્ઞાસા જગાડી હતી.
- ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને શેઠશ્રી બી. સી. શાહ આર્ટ્સ કૉલેજ, વડાલીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯-૮-૧૭ના રોજ તારાબેન મંગળદાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત આર્ટ્સ કૉલેજ વડાલીમાં વ્યાખ્યાન યોજાઈ ગયું, જેમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પધારેલ ડૉ. પરમ પાઠકસાહેબશ્રીએ 'સંશોધન-લોકવાણીનું' વિષય પર વક્તવ્ય આપી કૉલેજના વિદ્યાર્થીઓને લોકસાહિત્યનું ઉત્તમ જ્ઞાન આપ્યું હતું. કૉલેજના પ્રિ. શ્રી ડી. એન. આર. પટેલસાહેબે આવેલ મહેમાનશ્રીઓનો પરિચય આપી, શબ્દોથી સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત

કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના ગુજરાતી વિષયના પ્રા. ડૉ. પી. આર. પટેલસાહેબે અને આભારવિધિ પ્રા. આરતીબહેન રાઠોડે કરી હતી.

- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તા. ૨૯-૮-૨૦૧૭ના રોજ 'પુરસ્કાર-મીમાંસા' વિષય પર એકદિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદની ઉદ્ઘાટનબેઠક ૯-૩૦ વાગ્યે શરૂ થઈ હતી. પરિષદના મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે સૌનું સ્વાગત કરીને 'પુરસ્કાર-મીમાંસા' પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. પરિષદપ્રમુખશ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું. શ્રી અચ્યુત યાજ્ઞિકે અભિભાષણ આપ્યું હતું.
  બીજી બેઠક ૧૦-૩૦ વાગ્યે શરૂ થઈ હતી જે 'નોબેલ પુરસ્કાર' વિશેની હતી. શ્રી શૈલેષ પારેખે 'રવીન્દ્રનાથ ટાગોર' વિશે અને શ્રી પરેશ નાયકે 'હેમિંગ્વે' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. બેઠકનું સંચાલન શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું.
  ત્રીજી બેઠક ૧૧-૩૦ વાગ્યે શરૂ થઈ હતી જે 'જ્ઞાનપીઠ પુરસ્કાર' વિશેની હતી. તેમાં શ્રી હર્ષદ ત્રિવેદીએ 'રાજેન્દ્ર શાહ' વિશે, શ્રી જયેશ ભોગાયતાએ 'પન્નાલાલ પટેલ' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. બેઠકનું સંચાલન શ્રી યોગેશ જોશીએ કર્યું હતું.
  ચોથી બેઠક ૨-૦૦ વાગ્યે શરૂ થઈ હતી જે 'સાહિત્ય અકાદમી, દિલ્હીના પુરસ્કાર' વિશેની હતી. તેમાં શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે 'રસિકલાલ પરીખ' વિશે, શ્રી દીપક રાવલે 'પ્રિયકાન્ત મણિયાર' વિશે અને શ્રી બિપીન પટેલે 'મોહન પરમાર' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. બેઠકનું સંચાલન શ્રી ઉષા ઉપાધ્યાયે કર્યું હતું.
  પાંચમી બેઠક ૩-૩૦ વાગ્યે શરૂ થઈ હતી જે 'રણજિતરામ સુવર્ણચંદ્રક' વિશેની હતી. તેમાં શ્રી હર્ષા ચોવટિયાએ 'શ્રીધરાણી' વિશે, શ્રી ઊર્મિ દેસાઈએ 'પ્રબોધ પંડિત' વિશે અને શ્રી ફાધર વર્ગીસ પોલે 'ફાધર વાલેસ' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. બેઠકનું સંચાલન શ્રી પ્રજ્ઞા પટેલે કર્યું હતું.
- તા. ૩-૮-૨૦૧૭ના રોજ પાક્ષિકીમાં શ્રી ગિરિમા ઘારેખાને વાર્તા 'નિરાવૃત્ત'નું પઠન કર્યું હતું. વાર્તા લોપાની મનોસંવેદના રજૂ કરે છે. લોપાની બહેનપણી પર બળાત્કાર થયો હતો. કથાવસ્તુ, સંવાદો વાર્તાને ઉપકારક હતાં. લોપા જ્યારે જાણે છે કે તેના ટૅક્સી ડ્રાઇવર પિતા જ બળાત્કારી છે, ત્યારે તે હતપ્રભ બની જાય છે. વાર્તાનો અંત રહસ્યકથાનું તત્ત્વ ધરાવતો જણાયો હતો. વાર્તાના અંત બાબતે સૂચનો થયાં હતાં. વાર્તાની રજૂઆત અને પઠનને વાર્તારસિકોએ આવકાર્યાં હતાં.

**: સાહિત્યવૃત્ત :**

- પોરબંદરની સાહિત્યિક સંસ્થા કલરવ સાહિત્ય ટ્રસ્ટ અને આર્ય સમાજના સંયુક્ત ઉપક્રમે આર્ય સમાજ પોરબંદર ખાતે ૩૦ જુલાઈ ૨૦૧૭ના રોજ મરીઝની જન્મશતાબ્દી વંદના કાર્યક્રમ યોજાયો હતો.
- રઈશ મનીઆરને નર્મદ ચંદ્રક અર્પણ સમારોહ અને કવિસંમેલન
  સુરત : 'નર્મદ સાહિત્ય સભા' અને 'સાહિત્ય સંગમ'ના સંયુક્ત ઉપક્રમે નર્મદ સાહિત્ય સભા તરફથી વર્ષ ૨૦૦૮થી ૨૦૧૨ દરમિયાન પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોમાંથી શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ કવિશ્રી રઈશ મનીઆર-લિખિત 'આમ લખવું કરાવે અલખની સફર'ને ૨૦-૮-૨૦૧૭ના રોજ નર્મદચંદ્રક શ્રી નાનુભાઈ નાયકના હસ્તે એનાયત કરવામાં આવ્યો.

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૯મું અધિવેશન શ્રી ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદના યજમાનપદે સિકંદરાબાદ મુકામે તારીખ ૨૩,૨૪,૨૫ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ યોજાશે.

આ અધિવેશનમાં નીચે મુજબની બેઠકો રહેશે.

**ઉદ્‌ઘાટન બેઠક**
૨૩-૧૨-૨૦૧૭ને શનિવારે સવારે ૧૧.૦૦થી ૧.૩૦

**પ્રથમ બેઠક**
૨૩-૧૨-૨૦૧૭ને શનિવારે બપોરે ૩.૦૦
**સાહિત્ય અને રાષ્ટ્ર**
૨૩-૧૨-૨૦૧૭ને શનિવારે રાત્રે ૮.૦૦
યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ

**બીજી બેઠક**
૨૪-૧૨-૨૦૧૭ને રવિવારે સવારે ૯.૩૦થી ૧૨.૩૦
**સાહિત્ય સ્વરૂપ : નાટક**

**ત્રીજી બેઠક**
૨૪-૧૨-૨૦૧૭ને રવિવારે ૩.૦૦થી ૬.૦૦
**સાર્ધ શતાબ્દીવંદના : કાન્ત**

**ચોથી બેઠક**
૨૪-૧૨-૨૦૧૭ને રવિવારે રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦
**સાંસ્કૃતિક કાર્યક્રમ**

**પાંચમી બેઠક**
૨૫-૧૨-૨૦૧૭ને સોમવારે ૮.૩૦થી ૧૧.૦૦
**આદાન-પ્રદાન બેઠક : તેલુગુ-ગુજરાતી**

**છઠ્ઠી બેઠક**
૨૫-૧૨-૨૦૧૭ને સોમવારે ૧૧.૩૦થી
**સમાપન**

**નોંધ :-** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૪૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૩૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૭૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦ ટકા રકમ ભરવાની રહેશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક ૧૫-૧૨-૨૦૧૭ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

વ્યવસ્થામાં સહાયભૂત થવા ઉપરની તારીખ સુધીમાં આપની ડેલિગેટ ફી ભરાઈ જાય તે ઇચ્છનીય છે. ત્યારબાદ સ્થળ પર ભરનારે દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે.

❑